39 હથિયાર પરવાના આપવાની તથા રીન્યુ
કરી આપવાની અરજીઓના તાત્કાલિક
નિકાલ કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: હપચ-૧૦૮૨-૫૬૪૫-મ,
સચિવાલય, ગાંધીનગર
તા. 31-3-84

વંચાણમાં લીધા :- તારીખ:૧૪-૧૦-૭૮નો પરિપત્ર ક્રમાંક: હપચ-
૧૦૭૧-૩૮૧૨-મ,

::::::

ગૃહ વિભાગના ઉપરોક્ત તા.૧૪-૧૦-૭૮ ના પરિપત્રથી હથિયાર પરવાના મેળવવાની તેમજ પરવાના તાજા કરાવવાની અરજીઓના નિકાલ માટે સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. તેમ છતાં આવી અરજીઓના નિકાલમાં ઘણો જ વિલંબ થતો માલુમ પડયો છે. મહેસુલ તપાસણી કમિશ્નરશ્રીએ આ બાબતમાં એવું સુચન કર્યું છે કે જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની ચર્ચા માટે જે બેઠકો મળે છે તેમાં હથિયાર પરવાના બાબતની અરજીઓ અંગેનો મુદ્દો પણ ચર્ચામાં લેવો અને જે જે સ્તરે આવી અરજીઓ પડતર રહેલી જણાય તેના નિકાલ માટે કાર્યવાહી કરવી.

ઉપરોક્ત સુચન સરકારે માન્ય રાખેલ હોઇ સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટો, સર્વે જીલ્લા પોલીસ અધિકારીઓ તથા પોલીસ કમિશ્નરોને સુચના આપવામાં આવે છે કે હથિયાર પરવાનાઓની પડતર અરજીઓના નિકાલ માટેનો મુદ્દો જીલ્લાની કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં મળતી બેઠકમાં ચર્ચા માટે લેવો અને બેઠકમાં થયેલી ચર્ચાના અનુસંધાનમાં આગળ પગલાં ભરવા જરૂરી કાર્યવાહી કરવી.

.૨.

..૨.

સરકારશ્રી દ્વારા આવી પડતર અરજીઓના નિકાલ માટે નકકી કરવામાં આવેલી સમય-મર્યાદાનો અમલ નહી થવાના કિસ્સા સરકારના

ધ્યાનમાં આવશે તે માટે જે તે સંબંધીત કર્મચારી/અધિકારીની અંગત જવાબદારી

ગણાશે તેની પણ નોંધ લેવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

નગીન મેકવાન
(નગીન મેકવાન)
ઉપ-સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,

પ્રતિ,
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,
પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા,, રાજકોટ, સુરત.
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી, તેમના તા.૧૩-૩-૮૪ના પત્ર ક્રમાંક:તશા/૧/તપસ/૧૯૮૩ અન્વયે.
સીલેકટ ફાઇલ.
મદદનીશ સીલેકટ ફાઇલ.

ભગત સિંહ/૨૪૮૪/